મુખ્ય સેવિકાની સેવામાં નવ વર્ષ પૂર્ણ થયેથી મળવાપાત્ર પ્રથમ ઉચ્ચત્તર પગારધોરણ રીવાઇઝ કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૭/૩૦૩૧/બ-૧ (પા.ફા.૧)
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૦/૦૨/૨૦૨૦

વંચાણે લીધા :

1) મહિલા અને બાળ વિકાસ વિભાગના હુકમ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૦૨/૧૯૪/ બ, તા.૨૫/૦૭/૨૦૦૨
2) મહિલા અને બાળ વિકાસ વિભાગના હુકમ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૦૨/૧૯૪/ બ, તા.૦૫/૦૪/૨૦૦૬
3) મહિલા અને બાળ વિકાસ વિભાગના હુકમ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૦૨/૫૪૬/બ, તા.૨૮/૦૭/૨૦૦૬
4) મહિલા અને બાળ વિકાસ વિભાગના હુકમ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૦૬/૫૪૬/બ, તા.૨૪/૦૯/૨૦૦૭
5) મહિલા અને બાળ વિકાસ વિભાગના હુકમ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૦૬/૮૯૬/ બ, તા.૦૫/૧૧/૨૦૦૯
6) મહિલા અને બાળ વિકાસ વિભાગના હુકમ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૦૯/૮૯૬/બ, તા.૨૦/૦૨/૨૦૧૩
7) મહિલા અને બાળ વિકાસ વિભાગના હુકમ ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૧૦/૩૩૫૯/બ, તા.૩૦/૧૦/૨૦૧૦
8) મહિલા અને બાળ વિકાસ વિભાગના હુકમ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૦/૩૩૫/બ, તા.૧૩/૧૨/૨૦૧૧
9) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૪/૪૪/મ, તા.૧૬/૮/૧૯૯૪
10) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ, તા.૨/૭/૨૦૦૭
11) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૩/૩૬/મ, તા.૧૬/૧૦/૧૯૯૩
12) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૯૮/૪૧/મ, તા.૧૪/૮/૧૯૯૮
13) અધિકારી/ કર્મચારીઓની ઉચ્ચતર પગાર ધોરણ રીવાઈઝ કરવાની સ્વવિનંતીની અરજી

પ્રસ્તાવના:-

આમુખ (૧) થી (૮) થી મુખ્ય સેવિકાઓની સેવામાં નવ વર્ષ પૂર્ણ કર્યા બાદ ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખથી બાળ વિકાસ યોજના અધિકારી સંવર્ગનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ (રૂ.૬૫૦૦-૧૦૫૦૦) મંજુર કરવામાં આવેલ હતું. આમુખ (૧૧) થી ઉક્ત મંજુર પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણને ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખને બદલે નવ વર્ષ પૂર્ણ કર્યા તારીખથી આમુખ (૯) ની અનુસૂચિ મુજબ રીવાઇઝ કરવા અંગેની રજુઆતો વિભાગને કરવામાં આવેલ હતી.

ઉપરની બાબતો અંગે પુનઃવિચારણા કરવામાં આવી. તેઓને મળવાપાત્ર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ બાબતે સરકારશ્રીની ઉચ્ચતર પગાર ધોરણ અંગેની નીતિ અને સરકારશ્રીના ઠરાવો ધ્યાને લેતાં હકિકતો નીચે મુજબ છે:

સરકારશ્રી દ્વારા તા.૫/૭/૧૯૯૧ ના ઠરાવથી તા. ૧/૬/૧૯૮૭ ના રોજ પાછલી અસરથી અમલમાં આવે તે રીતે ઉચ્ચતર પગાર ધોરણ યોજના પ્રથમ વાર અમલમાં મૂકવામાં આવેલ હતી. આ ઠરાવની જોગવાઇ ક્રમાંકઃ ૩,૫ અને ૭ મુજબ, જે કેસોમાં બઢતીની જગ્યા ઉપલબ્ધ નથી તે કેસોમાં તથા, " જુદાં જુદાં પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તે જગ્યાઓના ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના પગાર ધોરણના બદલે તેના હાલના પગાર ધોરણ સાથે મળતુ આવતું, ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ (૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું થાય છે." એટલે કે, બે પ્રકારના કેસોમાં અનુસૂચિ-૧ મુજબનુ પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મંજૂર કરવાનું રહે છે.

તા.૫/૭/૧૯૯૧ નો ઠરાવ મૂળભૂત રીતે રદ કરીને તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવથી સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ અમલમાં મૂકવામાં આવેલ હતું. તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઈ ક્રમાંકઃ ૩(૩) મુજબ પણ; જે કેસોમાં બઢતીની જગ્યા ઉપલબ્ધ નથી તે કેસોમાં તથા, " જુદાં જુદાં પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તે જગ્યાઓના ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના પગાર ધોરણના બદલે તેના હાલના પગાર ધોરણ સાથે મળતુ આવતું, ઠરાવ સાથે જોડેલ અનુસૂચિઃ (૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું થાય છે."

બાળ વિકાસ યોજના અધિકારીના તા. ૬/૧૦/૮૩ ના ભરતી નિયમો મુજબ બાળ વિકાસ યોજના અધિકારીની પૂરક જગ્યામાં જુદાં જુદાં ધોરણવાળી ચાર જગ્યાઓ છે. જેમાં સોશીયલ વર્કર (પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦), બ્લોક/ ડીસ્ટ્રીક્ટ એક્સટેન્શન એજ્યુકેટર (પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦), પબ્લિક હેલ્થ નર્સ (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) અને મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) નો સમાવેશ થાય છે.

તા.૧૬/૮/૧૯૯૪ના ઠરાવની ઉકત જોગવાઇને ધ્યાને લેતાં તા.૧/૬/૧૯૮૭ ના રોજ મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ.૧૪૦૦-૨૩૦૦) ને તેની બઢતીની જગ્યા ઉપલબ્ધ હોવા છતાં; પણ નિયમો મુજબ અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થાય.

વિભાગે બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ના તા.૧૫/૧૨/૧૯૮૯ થી ભરતી નિયમો પ્રસિધ્ધ કરેલ હતા; આ ભરતી નિયમોની જોગવાઇ મુજબ પૂરક જગ્યા તરીકે માત્ર મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) સંવર્ગ જ રાખવામાં આવેલ હતો.

સદર ૧૯૮૯ના ભરતી નિયમોને આધારે પૂરક જગ્યા માત્ર એક જ છે તેમ ગણીને બઢતીનુ પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦ મંજૂર કરવામાં આવે તો આ ભરતી નિયમો પ્રસિદ્ધ થયા પહેલાના કેસો કે જેમાં અનુસૂચિ-૧ મુજબ રૂ.૧૬૪૦-૨૯૦૦ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મંજૂર થયેલ છે કે કરવાના છે તેવા સિનિયર કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણમાં વિસંગતતા ઉભી થાય. આવી વિસંગતતાઓ ઉભી ના થાય તે માટે નાણા વિભાગના તા.૧૬/૧૦/૧૯૯૩ ના ઠરાવથી સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવેલી છે. આ ઠરાવની સ્પષ્ટતા ક્રમાંકઃ ૧૮ માં એ સ્પષ્ટ કરવામાં આવેલ છે કે, જે કેસોમાં તા.૧/૬/૧૯૮૭ ના રોજ અનુસૂચિ

મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હતું તેમના કિસ્સામાં બઢતીની જગ્યા તા.૧/૬/૧૯૮૭ પછી અમલમાં આવી હોય તો પણ અનુસૂચિ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ જ મળવાપાત્ર રહેશે.

ત્યારબાદ તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ ક્રમાંક ૩(૮) માં અને ત્યારબાદ; તા.૨/૭/૨૦૦૭ ના ઠરાવથી અમલમાં આવેલ યોજનાની જોગવાઇ ક્રમાંકઃ ૨(૧૭) માં પણ જે કેસોમાં અનુસૂચિ-૧ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે તેવા કેસો માટે આ જોગવાઇ વધુ સ્પષ્ટતા સાથે ચાલુ રાખવામાં આવેલ છે.

ઉપર મુજબની હકિકતો ધ્યાને લેતા રૂા.૧૬૪૦-૨૯૦૦ નું ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર છે. મુખ્ય સેવિકાઓને વિભાગના સંદર્ભમાં દર્શાવેલ હુકમ/ ઠરાવથી રૂ.૬૫૦૦-૧૦,૫૦૦/- નું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ પરીક્ષા પાસ કર્યા તારીખથી મંજુર કરવામાં આવેલ હતું, જે વાસ્તવમાં એમને મળવાપાત્ર નહોતુ આથી રદ કરવા કરવાનું થાય. ઉક્ત કર્મચારીઓએ નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરી હોઈ તેઓને મુખ્ય સેવિકાની સેવામાં નવ વર્ષ પૂર્ણ કર્યાથી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય.

નીચે દર્શાવેલ અધિકારી/ કર્મચારીઓને તેમના નામ સામે દર્શાવેલ તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ ચોથા પગારપંચ મુજબ તેમના પગાર ધોરણ રૂ.૧૪૦૦-૨૩૦૦/- ની સામે અનુસૂચિ મુજબનું રૂ.૧૬૪૦-૨૯૦૦/ મળવાપાત્ર થાય તેમજ પાંચમા પગાર પંચ મુજબ તા.૧૪-૮-૧૯૯૮ના ઠરાવથી સુધારેલ અનુસૂચિ મુજબ રૂ.૪૫૦૦-૭૦૦૦/- પગાર ધોરણ સામે રૂ. ૫૦૦૦-૮૦૦૦/- પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થાય છે.

<u>હુકમ</u>:-

નીચે જણાવેલ બાળ વિકાસ યોજના અધિકારી/ મુખ્ય સેવિકાઓને તેમની નિમણૂકની તારીખથી નવ વર્ષ પૂર્ણ થયેથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રીવાઇઝ કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારી/ કર્મચારીનું નામ | જિલ્લાનું નામ | મૂળ નિમણૂંકની તારીખ | નવ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ભાવનાબેન એચ પટેલ | અમદાવાદ | ૧૮-૧૨-૮૬ | ૩૧-૦૫-૯૬ | ૦૧-૦૬-૯૬ | આમુખ-૭, ક્રમ-૪૪ |
| ૨ | અમરબેન જી.મકવાણા | અમદાવાદ | ૧૯-૧૨-૮૬ | ૧૮-૧૨-૯૫ | ૧૯-૧૨-૯૫ | આમુખ-૭, ક્રમ-૩૮ |
| ૩ | અનિલાબેન જે.પંડ્યા | અમદાવાદ કોર્પો. | ૦૪-૦૩-૮૫ | ૦૩-૦૩-૯૪ | ૦૪-૦૩-૯૪ | આમુખ-૩, ક્રમ-૧૮ |
| ૪ | કુમુદબેન બી.રાવલ | અમદાવાદ કોર્પો. | ૦૧-૧૨-૮૪ | ૩૦-૧૧-૯૩ | ૦૧-૧૨-૯૩ | આમુખ-૨, ક્રમ-૧૩ |
| ૫ | ભારતીબેન એસ.મકવાણા | અમદાવાદ કોર્પો. | ૦૬-૦૩-૮૭ | ૦૫-૦૩-૯૬ | ૦૬-૦૩-૯૬ | આમુખ-૭, ક્રમ-૫૦ |

| ક્રમ | અધિકારી/ કર્મચારીનું નામ | જિલ્લાનું નામ | મૂળ નિમણૂંકની તારીખ | નવ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬ | મીનાક્ષીબેન.બી.રાઠોડ | અમરેલી | ૧૫-૦૨-૯૨ | ૧૫-૦૫-૦૧ | ૧૬-૦૫-૦૧ | આમુખ-૮, ક્રમ-૨૦૦ |
| ૭ | શ્રધ્ધાબેન પી.શુક્લ | અમરેલી | ૧૬-૦૩-૮૮ | ૧૫-૦૩-૯૭ | ૧૬-૦૩-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૫૬ |
| ૮ | દક્ષાબેન ભટ્ટ | અમરેલી | ૦૪-૦૨-૯૨ | ૦૩-૦૨-૦૧ | ૦૪-૦૨-૦૧ | આમુખ-૬, ક્રમ-૭ |
| ૯ | તારાબેન રવજીભાઈ પટેલ | અમરેલી | ૨૨-૧૨-૮૬ | ૨૧-૧૨-૯૫ | ૨૨-૧૨-૯૫ | આમુખ-૮, ક્રમ-૯૫ |
| ૧૦ | જ્યોતિકા નીરવકુમાર ઠાકર (જ્યુથીકા) | વડોદરા ઝોનલ કચેરી | ૧૦-૦૨-૯૨ | ૧૯-૦૫-૦૧ | ૨૦-૦૫-૦૧ | આમુખ-૮, ક્રમ-૧૯૪ |
| ૧૧ | દિપ્તીબેન અનિલકુમાર જોષી | વડોદરા | ૨૧-૦૩-૮૮ | ૩૦-૦૫-૯૭ | ૩૧-૦૫-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૩૪ |
| ૧૨ | ભાનુબેન બાવાભાઈ પટેલ | વડોદરા | ૨૨-૦૬-૮૩ | ૨૧-૦૬-૯૨ | ૨૨-૦૬-૯૨ | આમુખ-૮, ક્રમ-૩૨ |
| ૧૩ | નયનાબેન બીમલભાઈ પટેલ | વડોદરા | ૦૫-૦૩-૯૨ | ૦૧-૦૬-૦૧ | ૦૨-૦૬-૦૧ | આમુખ-૮, ક્રમ-૨૧૬ |
| ૧૪ | સરલાબેન વી.અમીન | વડોદરા કોર્પો. | ૩૦-૦૩-૮૮ | ૨૯-૦૩-૯૭ | ૩૦-૦૩-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૪૦ |
| ૧૫ | શીલાબેન એમ.વર્મા (શીલાબેન પી.શાહ) | વડોદરા કોર્પો. | ૧૭-૧૦-૮૪ | ૧૬-૧૦-૯૩ | ૧૭-૧૦-૯૩ | આમુખ-૧, ક્રમ-૧૧૭ |
| ૧૬ | રાધાબેન બાબુભાઈ પટેલ | વડોદરા કોર્પો. | ૨૨-૦૧-૯૨ | ૨૧-૦૧-૦૧ | ૨૨-૦૧-૦૧ | આમુખ-૮, ક્રમ-૨૦૭ |
| ૧૭ | વર્ષાબેન એસ રાવલ | છોટાઉદેપુર | ૨૧-૧૨-૮૫ | ૨૦-૧૨-૯૪ | ૨૧-૧૨-૯૪ | આમુખ-૪, ક્રમ-૩૬ |
| ૧૮ | વૈશાખીબેન ગુણવંતરાય ઉપાધ્યાય | છોટાઉદેપુર | ૦૪-૦૩-૮૫ | ૨૩-૦૫-૯૬ | ૨૪-૦૫-૯૬ | આમુખ-૮, ક્રમ-૫૨ |
| ૧૯ | મધુબેન એમ. પટેલ | ડાંગ | ૧૫-૦૧-૮૬ | ૧૪-૦૧-૯૫ | ૧૫-૦૧-૯૫ | આમુખ-૪, ક્રમ-૭ |
| ૨૦ | નિરંજનાબેન ડી. પટેલ | ડાંગ | ૧૮-૦૩-૮૭ | ૧૭-૦૩-૯૬ | ૧૮-૦૩-૯૬ | આમુખ-૫, ક્રમ-૨૨ |
| ૨૧ | શ્રધ્ધાબેન આર.ત્રિવેદી | દેવભૂમિ દ્વારકા | ૨૨-૦૨-૮૫ | ૨૧-૦૨-૯૪ | ૨૨-૦૨-૯૪ | આમુખ-૮, ક્રમ-૪૩ |
| ૨૨ | ચંદ્રકુમારી ધર્મેન્દ્રસિંહ ઠાકોર | પંચમહાલ | ૦૬-૧૨-૮૫ | ૦૫-૧૨-૯૪ | ૦૬-૧૨-૯૪ | આમુખ-૮, ક્રમ-૫૭ |
| ૨૩ | નિતિક્ષાબેન ચંદુલાલ પંચાલ | પંચમહાલ | ૧૦-૦૧-૮૬ | ૦૯-૦૧-૯૫ | ૧૦-૦૧-૯૫ | આમુખ-૮, ક્રમ-૬૭ |
| ૨૪ | નીતાબેન પી.પરમાર | પંચમહાલ | ૨૨-૧૨-૮૬ | ૨૧-૧૨-૯૫ | ૨૨-૧૨-૯૫ | આમુખ-૮, ક્રમ-૧૧૫ |

| ક્રમ | અધિકારી/ કર્મચારીનું નામ | જિલ્લાનું નામ | મૂળ નિમણૂંકની તારીખ | નવ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨૫ | જશીબેન પૂજાભાઈ પટેલ | પંચમહાલ | ૧૭-૧૨-૮૬ | ૧૬-૧૨-૯૫ | ૧૭-૧૨-૯૫ | આમુખ-૮, ક્રમ-૧૨૩ |
| ૨૬ | ભાનુમતીબેન આર.રાઠવા | પંચમહાલ | ૨૨-૧૨-૮૬ | ૨૧-૧૨-૯૫ | ૨૨-૧૨-૯૫ | આમુખ-૬, ક્રમ-૧૪ |
| ૨૭ | ભારતીબેન જીતેન્દ્રકુમાર રાવલ | પંચમહાલ | ૧૭-૧૦-૮૩ | ૧૬-૧૦-૯૨ | ૧૭-૧૦-૯૨ | આમુખ-૪,ક્રમ-૩૯ |
| ૨૮ | હંસાબેન હિંમતલાલ ગાંધી | પંચમહાલ | ૧૭-૦૨-૮૭ | ૧૬-૦૨-૯૬ | ૧૭-૦૨-૯૬ | આમુખ-૮, ક્રમ-૯૮ |
| ૨૯ | મીતાબેન જગુભાઈ પટેલ | પંચમહાલ | ૨૧-૦૩-૮૮ | ૨૦-૦૩-૯૭ | ૨૧-૦૩-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૭૫ |
| ૩૦ | સંગીતાબેન પટેલ | દાહોદ | ૧૩-૦૪-૯૨ | ૧૨-૦૪-૦૩ | ૧૩-૦૪-૦૩ | આમુખ-૮, ક્રમ-૨૦૪ |
| ૩૧ | અંજનીબેન ગિરધરલાલ રાણા | દાહોદ | ૧૩-૦૨-૮૬ | ૧૨-૦૨-૯૫ | ૧૩-૦૨-૯૫ | આમુખ-૫, ક્રમ-૩૫ |
| ૩૨ | ઉષાબેન એન પરમાર | કચ્છ-ભૂજ | ૧૭-૦૩-૮૮ | ૧૬-૦૩-૯૭ | ૧૭-૦૩-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૮૭ |
| ૩૩ | રસીલાબેન એમ.કાનાણી | કચ્છ-ભૂજ | ૧૯-૦૮-૮૮ | ૧૮-૦૮-૯૭ | ૧૯-૦૮-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૮૫ |
| ૩૪ | ક્લેરાબેન એન.ગુર્જર | કચ્છ-ભૂજ | ૦૮-૦૪-૮૮ | ૦૭-૦૪-૯૭ | ૦૮-૦૪-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૭૪ |
| ૩૫ | કૌમુદીબેન.એમ.સલારીયા | કચ્છ-ભૂજ | ૨૩-૧૨-૮૬ | ૧૩-૦૧-૯૫ | ૧૪-૦૧-૯૫ | આમુખ-૮, ક્રમ-૧૦૩ |
| ૩૬ | દક્ષાબેન બી.બ્રહ્મભટ્ટ | મહેસાણા | ૧૩-૦૧-૮૬ | ૧૨-૦૧-૯૫ | ૧૩-૦૧-૯૫ | આમુખ-૮, ક્રમ-૧૬ |
| ૩૭ | જયાબેન બી.ધુમડા | મહેસાણા | ૨૩-૦૫-૮૮ | ૨૨-૦૫-૯૭ | ૨૩-૦૫-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૪૧ |
| ૩૮ | ઈન્દુબેન ડી.પરમાર | મહેસાણા | ૨૩-૦૫-૮૮ | ૨૨-૦૫-૯૭ | ૨૩-૦૫-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૩૬ |
| ૩૯ | મંજુલાબેન જે.સોલંકી | પાટણ | ૧૫-૦૬-૮૮ | ૧૪-૦૬-૯૭ | ૧૫-૦૬-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૬૦ |
| ૪૦ | મંગુબેન ગોવાભાઈ ચૌધરી | પાટણ | ૧૮-૦૩-૮૮ | ૧૭-૦૩-૯૭ | ૧૮-૦૩-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૭૭ |
| ૪૧ | રસીદાબેન હાસમભાઈ જેસાણી | રાજકોટ | ૦૯-૧૨-૮૬ | ૦૮-૧૨-૯૫ | ૦૯-૧૨-૯૫ | આમુખ-૭, ક્રમ-૨૯ |

| ક્રમ | અધિકારી/ કર્મચારીનું નામ | જિલ્લાનું નામ | મૂળ નિમણૂંકની તારીખ | નવ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪૨ | ભારતીબેન શાંતિલાલ ગોંડલીયા | રાજકોટ | ૨૩-૦૩-૮૭ | ૨૨-૦૩-૯૬ | ૨૩-૦૩-૯૬ | આમુખ-૭, ક્રમ-૫૪ |
| ૪૩ | નયનાબેન હરજીવનભાઈ જોષી | રાજકોટ | ૨૩-૦૧-૮૭ | ૨૨-૦૧-૯૬ | ૨૩-૦૧-૯૬ | આમુખ-૮, ક્રમ-૧૦૨ |
| ૪૪ | ઈન્દુબેન રવજીભાઈ આસોદરીયા | રાજકોટ | ૦૩-૦૨-૯૨ | ૦૨-૦૨-૦૧ | ૦૩-૦૨-૦૧ | આમુખ-૭, ક્રમ-૯૩ |
| ૪૫ | સરસ્વતીબેન મોહનભાઈ જીવાણી | રાજકોટ | ૨૪-૧૨-૮૬ | ૨૩-૧૨-૯૫ | ૨૪-૧૨-૯૫ | આમુખ-૭, ક્રમ-૪૩ |
| ૪૬ | કોકીલાબેન કેશવલાલ જોશી | રાજકોટ | ૦૭-૧૨-૮૪ | ૦૬-૧૨-૯૩ | ૦૭-૧૨-૯૩ | આમુખ-૮, ક્રમ-૯ |
| ૪૭ | જયશ્રીબેન રમણીકલાલ જોષી | રાજકોટ | ૧૭-૦૧-૮૫ | ૧૬-૦૧-૯૪ | ૧૭-૦૧-૯૪ | આમુખ-૮, ક્રમ-૪૦ |
| ૪૮ | રેખાબેન આર.બોરસાણીયા | રાજકોટ કોર્પો. | ૧૦-૦૨-૯૨ | ૧૧-૦૫-૦૧ | ૧૨-૦૫-૦૧ | આમુખ-૭, ક્રમ-૮૭ |
| ૪૯ | અનસુયાબેન ગોરધનભાઈ ભેંસદડિયા | રાજકોટ કોર્પો. | ૦૫-૦૨-૯૨ | ૦૪-૦૫-૦૧ | ૦૫-૦૫-૦૧ | આમુખ-૭, ક્રમ-૯૯ |
| ૫૦ | કુમુદિનીબા મહિપતસિંહ ઝાલા | રાજકોટ ઝોનલ કચેરી | ૧૧-૦૨-૯૨ | ૨૩-૦૬-૦૧ | ૨૪-૦૬-૦૧ | આમુખ-૭, ક્રમ-૯૧ |
| ૫૧ | તૃપ્તિબેન રણજીતભાઈ કામલીયા | મોરબી | ૧૦-૦૨-૯૨ | ૧૨-૦૬-૦૧ | ૧૩-૦૬-૦૧ | આમુખ-૭, ક્રમ-૯૪ |
| ૫૨ | નંદુબેન ઠાકરશીભાઈ અજુડીયા | મોરબી | ૨૧-૦૩-૮૮ | ૨૦-૦૩-૯૭ | ૨૧-૦૩-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૩૭ |
| ૫૩ | રશ્મિબેન ધીરજલાલ મહેતા | મોરબી | ૨૩-૦૧-૮૭ | ૨૨-૦૧-૯૬ | ૨૩-૦૧-૯૬ | આમુખ-૭, ક્રમ-૪૦ |
| ૫૪ | તસ્મીનબેન ઝાકીરહુસેન સરધારી | મોરબી | ૨૩-૦૩-૮૮ | ૨૨-૦૩-૯૭ | ૨૩-૦૩-૯૭ | આમુખ-૭, ક્રમ-૬૯ |
| ૫૫ | જ્યોતિબેન વિનોદભાઈ પટેલ | સુરત કોર્પો. | ૧૮-૦૩-૮૮ | ૧૭-૦૩-૯૭ | ૧૮-૦૩-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૫૯ |
| ૫૬ | પ્રફુલ્લાબેન જસવંતલાલ મકવાણા | સુરેન્દ્રનગર | ૦૫-૦૨-૯૨ | ૦૪-૦૨-૦૧ | ૦૫-૦૨-૦૧ | આમુખ-૬, ક્રમ-૫ |
| ૫૭ | ચંદ્રિકાબેન મોહનલાલ પેશીવાડીયા | સુરેન્દ્રનગર | ૧૬-૦૧-૮૭ | ૧૫-૦૧-૯૬ | ૧૬-૦૧-૯૬ | આમુખ-૭, ક્રમ-૫૩ |

| ક્રમ | અધિકારી/ કર્મચારીનું નામ | જિલ્લાનું નામ | મૂળ નિમણૂંકની તારીખ | નવ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫૮ | સીતાબેન પી.ચૌહાણ | સુરેન્દ્રનગર | ૨૧-૦૩-૮૮ | ૨૦-૦૩-૯૭ | ૨૧-૦૩-૯૭ | આમુખ-૬, ક્રમ-૧ |
| ૫૯ | કલ્પનાબેન એસ.શુક્લ | સુરેન્દ્રનગર | ૦૫-૦૨-૯૨ | ૦૪-૦૨-૦૧ | ૦૫-૦૨-૦૧ | આમુખ-૮, ક્રમ-૨૦૫ |
| ૬૦ | ધર્મિષ્ઠાબેન એસ.શ્રીમાળી | સુરેન્દ્રનગર | ૧૫-૦૨-૯૨ | ૧૪-૦૨-૦૧ | ૧૫-૦૨-૦૧ | આમુખ-૭, ક્રમ-૧૦૩ |
| ૬૧ | ઉષાબેન એમ.જોષી | સુરેન્દ્રનગર | ૨૫-૦૩-૮૮ | ૨૪-૦૩-૯૭ | ૨૫-૦૩-૯૭ | આમુખ-૭, ક્રમ-૭૬ |
| ૬૨ | રમીલાબેન એ.પટેલ | સુરેન્દ્રનગર | ૧૧-૦૪-૮૮ | ૧૦-૦૪-૯૭ | ૧૧-૦૪-૯૭ | આમુખ-૭, ક્રમ-૭૫ |
| ૬૩ | છાયાબેન ડી. ઝાલા | સુરેન્દ્રનગર | ૦૪-૦૨-૯૨ | ૦૩-૦૨-૦૧ | ૦૪-૦૨-૦૧ | આમુખ-૭, ક્રમ-૮૯ |
| ૬૪ | સુશીલાબેન ઉમેદભાઈ પરમાર | ગાંધીનગર | ૧૭-૦૩-૮૮ | ૧૬-૦૩-૯૭ | ૧૭-૦૩-૯૭ | આમુખ-૭, ક્રમ-૮૪ |
| ૬૫ | જશોદાબેન એ.પરમાર | ગાંધીનગર | ૧૬-૧૨-૮૫ | ૧૫-૧૨-૯૪ | ૧૬-૧૨-૯૪ | આમુખ-૫, ક્રમ-૨૦ |
| ૬૬ | કમળાબેન બી.પરમાર | ખેડા | ૧૭-૦૩-૮૮ | ૧૬-૦૩-૯૭ | ૧૭-૦૩-૯૭ | આમુખ-૬, ક્રમ-૯ |
| ૬૭ | ઉષાબેન એસ.ભોઈ | ખેડા | ૧૨-૦૪-૮૮ | ૧૧-૦૪-૯૭ | ૧૨-૦૪-૯૭ | આમુખ-૭, ક્રમ-૬૬ |
| ૬૮ | અનિતાબેન એ.પટેલ | ખેડા | ૩૦-૦૪-૮૮ | ૨૯-૦૪-૯૭ | ૩૦-૦૪-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૬૮ |
| ૬૯ | ભુમિકાબેન બી.મોદી | ખેડા | ૧૦-૦૨-૯૨ | ૦૯-૦૨-૦૧ | ૧૦-૦૨-૦૧ | આમુખ-૭ , ક્રમ-૧૦૧ |
| ૭૦ | સુનીતાબેન શાંતિલાલ પટેલ | મહિસાગર | ૧૭-૦૨-૯૨ | ૧૬-૦૨-૦૧ | ૧૭-૦૨-૦૧ | આમુખ-૭, ક્રમ-૯૬ |
| ૭૧ | ઈલાબેન રમણલાલ જોષી | મહિસાગર | ૧૫-૦૪-૮૮ | ૧૪-૦૪-૯૭ | ૧૫-૦૪-૯૭ | આમુખ-૭, ક્રમ-૮૦ |
| ૭૨ | પૂર્ણિમાબેન મનુભાઈ શેઠ | મહિસાગર | ૧૬-૦૩-૮૮ | ૧૫-૦૩-૯૭ | ૧૬-૦૩-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૬૭ |
| ૭૩ | સવિતાબેન શીવાભાઈ પટેલ | મહિસાગર | ૧૮-૧૨-૮૬ | ૧૭-૧૨-૯૫ | ૧૮-૧૨-૯૫ | આમુખ-૮, ક્રમ-૧૧૭ |
| ૭૪ | વનિતાબેન ગુરજીભાઈ ગામીત | મહિસાગર | ૧૬-૦૨-૮૭ | ૧૫-૦૨-૯૬ | ૧૬-૦૨-૯૬ | આમુખ-૮, ક્રમ-૧૨૪ |
| ૭૫ | મંગુબેન એમ. પટેલ | મહિસાગર | ૧૭-૧૨-૮૬ | ૧૬-૧૨-૯૫ | ૧૭-૧૨-૯૫ | આમુખ-૮, ક્રમ-૮૫ |
| ૭૬ | કલ્પનાબેન પટેલ | આણંદ | ૦૬-૧૨-૮૫ | ૨૪-૦૩-૯૮ | ૨૫-૦૩-૯૮ | આમુખ-૨, ક્રમ-૮ |
| ૭૭ | કુસુમબેન નરસિંહભાઈ પટેલ | આણંદ | ૦૪-૦૩-૮૭ | ૦૩-૦૩-૯૬ | ૦૪-૦૩-૯૬ | આમુખ-૮, ક્રમ-૧૧૦ |

| ક્રમ | અધિકારી/ કર્મચારીનું નામ | જિલ્લાનું નામ | મૂળ નિમણૂંકની તારીખ | નવ વર્ષ પૂર્ણ કર્યા તારીખ | પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૭૮ | અનસુયાબેન મકવાણા | આણંદ | ૦૩-૦૨-૯૨ | ૦૨-૦૨-૦૧ | ૦૩-૦૨-૦૧ | આમુખ-૮, ક્રમ-૨૧૪ |
| ૭૯ | સુધાબેન સી.પટેલ | વલસાડ | ૦૭-૦૮-૮૬ | ૦૬-૦૮-૯૫ | ૦૭-૦૮-૯૫ | આમુખ-૮, ક્રમ-૭૧ |
| ૮૦ | મધુબેન છગનલાલ પટેલ | વલસાડ | ૨૦-૧૨-૮૫ | ૧૯-૧૨-૯૪ | ૨૦-૧૨-૯૪ | આમુખ-૪, ક્રમ-૬ |
| ૮૧ | રેવાબેન બી.પટેલ | વલસાડ | ૨૭-૦૨-૮૭ | ૨૬-૦૨-૯૬ | ૨૭-૦૨-૯૬ | આમુખ-૮, ક્રમ-૧૦૧ |
| ૮૨ | હંસાબેન છગનલાલ પટેલ | વલસાડ | ૨૩-૧૨-૮૬ | ૨૨-૧૨-૯૫ | ૨૩-૧૨-૯૫ | આમુખ-૮, ક્રમ-૧૦૪ |
| ૮૩ | ચંપાબેન આર.પટેલ | વલસાડ | ૨૫-૦૩-૮૮ | ૨૪-૦૩-૯૭ | ૨૫-૦૩-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૪૫ |
| ૮૪ | નિર્મળાબેન સી.પટેલ | વલસાડ | ૧૬-૦૨-૮૭ | ૧૫-૦૨-૯૬ | ૧૬-૦૨-૯૬ | આમુખ-૮, ક્રમ-૧૧૩ |
| ૮૫ | ચંચળબેન કે.મૈસુરિયા | વલસાડ | ૨૪-૦૩-૮૮ | ૨૩-૦૩-૯૭ | ૨૪-૦૩-૯૭ | આમુખ-૮, ક્રમ-૧૪૪ |
| ૮૬ | મિનાક્ષીબેન ગોવિંદભાઈ માછી | વલસાડ | ૧૬-૧૨-૮૫ | ૧૫-૧૨-૯૪ | ૧૬-૧૨-૯૪ | આમુખ-૭, ક્રમ-૧૯ |
| ૮૭ | નીરૂબેન એસ. પટેલ | વલસાડ | ૨૨-૧૨-૮૬ | ૨૧-૧૨-૯૫ | ૨૨-૧૨-૯૫ | આમુખ-૮, ક્રમ-૧૦૬ |
| ૮૮ | કુમુદબેન અમૃતલાલ પરમાર | વલસાડ | ૨૮-૦૧-૮૭ | ૨૭-૦૧-૯૬ | ૨૮-૦૧-૯૬ | આમુખ-૮, ક્રમ-૭૯ |
| ૮૯ | વિદ્યાબેન રામુભાઈ પટેલ | વલસાડ | ૨૩-૦૧-૮૭ | ૨૨-૦૧-૯૬ | ૨૩-૦૧-૯૬ | આમુખ-૮, ક્રમ-૭૩ |
| ૯૦ | પાર્વતીબેન ડી. પટેલ | વલસાડ | ૦૬-૦૩-૮૫ | ૦૫-૦૩-૯૪ | ૦૬-૦૩-૯૪ | આમુખ-૫, ક્રમ-૧૫ |
| ૯૧ | ભારતીબેન ઝીણાભાઈ ગામીત | વલસાડ | ૧૫-૧૨-૮૬ | ૧૪-૧૨-૯૫ | ૧૫-૧૨-૯૫ | આમુખ-૮, ક્રમ-૭૨ |
| ૯૨ | મધુબેન ડી.પટેલ | વલસાડ | ૦૨-૦૩-૮૫ | ૦૧-૦૩-૯૪ | ૦૨-૦૩-૯૪ | આમુખ-3, ક્રમ-૧૯ |
| ૯૩ | દિપ્તીબેન બી.ટંડેલ | વલસાડ | ૧૫-૦૨-૮૫ | ૧૪-૦૨-૯૪ | ૧૫-૦૨-૯૪ | આમુખ-૫, ક્રમ-3 |
| ૯૪ | મંજુલાબેન ઝેડ. પટેલ | વલસાડ | ૧૧-૦૩-૮૫ | ૧૦-૦૩-૯૪ | ૧૧-૦૩-૯૪ | આમુખ-3, ક્રમ-૨૨ |
| ૯૫ | રંજનબેન આર. પટેલ | નવસારી | ૧૩-૦૪-૮૮ | ૧૨-૦૪-૯૭ | ૧૩-૦૪-૯૭ | આમુખ-૫, ક્રમ-૨૩ |
| ૯૬ | લીલાબેન બી.પટેલ | નવસારી | ૧૫-૦૩-૮૮ | ૧૪-૦૩-૯૭ | ૧૫-૦૩-૯૭ | આમુખ-૫, ક્રમ-૨૫ |
| ૯૭ | ભાનુબેન ડી પેઈન્ટર | નવસારી | ૨૯-૦૧-૮૭ | ૨૮-૦૧-૯૬ | ૨૯-૦૧-૯૬ | આમુખ-૫, ક્રમ-૨૭ |

ઉકત અધિકારી/કર્મચારીઓને પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ નીચેની શરતોએ મંજુર કરવામાં આવે છે.

1) તેઓને નવ વર્ષ પૂર્ણ કર્યાથી પ્રથમ ઉ.પ.ધો.ની પાત્રતાની તારીખથી નાણા વિભાગના તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની અનુસૂચિ-૧ મુજબ રૂ.૧૬૪૦-૨૯૦૦/- (નાણા વિભાગના તા.૧૪-૮-૧૯૯૮ ના ઠરાવની અનુસૂચિ-૧ મુજબ રૂ. ૫૦૦૦-૮૦૦૦/-) ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે. આમુખ (૧) થી (૮) થી ચુકવવામાં આવેલ રૂ.૬૫૦૦- ૧૦,૫૦૦/- (રૂ.૨૦૦૦-૩૫૦૦/-) નું પગારધોરણ રીવાઈઝ કરીને સરભર કરવાનું રહેશે.
2) ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.
3) નાણા વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧ તથા તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે.
4) જે અધિકારી/કર્મચારીએ બિન પગારી રજાઓ ભોગવેલ હોય અને આ હુકમમાં એ રજાઓ બાદ કરેલ ન હોય એવા કિસ્સાઓમાં સંબંધિત કચેરીએ હુકમો કરતી વખતે ધ્યાને લઈને બિનપગારી રજાઓ પ્રથમ ઉ.પ.ધો.ની તારીખમાંથી બાદ કરવાની રહેશે. માત્ર બિનપગારી રજાઓની તારીખમાં વિસંગતાનું કારણ આપીને પ્રથમ ઉ.પ.ધો. આપવામાં બિનજરૂરી વિલંબ કરી શકાશે નહિ.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રીની તા.૦૬/૦૧/૨૦૨૦ ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.

4. સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.
5. વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
6. સબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.
7. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.
8. સેકશન અધિકારીશ્રી (મ.શાખા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
10. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ૧૭-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
11. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
12. સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.
13. સબંધિત અધિકારી/કર્મચારીઓ. (મારફત સંબંધિત  પ્રોગ્રામ અધિકારીશ્રી)
14. શાખા સિલેકટ ફાઇલ.